# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૦ તા.૧૬-૧૧-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- ગિજુભાઈ બધેકાની ૧૩૫ મી જન્મ જયંતિ સપ્તાહ(તા.૧૫ થી ૨૧ નવેમ્બર,૨૦૧૯)ની ઉજવણીનું આયોજન કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : ડાયેટ/તલમ/૨૦૧૯/૪૧૪૧ તા.૧૪-૧૧-૨૦૧૯નો પત્ર.

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાતના ‘મુછાળી મા’ તરીકે જાણીતા એવા આપણા કેળવણીકાર શ્રી ગિજુભાઈ બધેકાની ૧૩૫ મી જન્મ જયંતિ છે. પ્રાથમિક શિક્ષણમાં કામ કરતા સૌ માટે પ્રેરણારૂપ વિભૂતિના પ્રદાનને યાદ કરવા માટે તેમના વિચારોનું અને કાર્યનું દોહન કરવા માટે શાળા કક્ષાએ પ્રવૃત્તિલક્ષી આનંદદાયી શિક્ષણના કાર્યક્રમો નીચે દર્શાવ્યા અનુસાર પ્રાર્થનાસભામાં કરવા જણાવવામાં આવે છે.

- ગિજુભાઈ બધેકાના શિક્ષણ પ્રયોગો
- ચિત્રકામ
- બાળવાર્તા
- રંગકામ
- બાળઅભિનય ગીત
- માટીકામ
- દિવા સ્વપ્નનું વાંચન
- નિબંધ,વક્તૃત્વ સ્પર્ધા
- બાળ રમતો
- બાળ નાટક
- બાળ કાવ્યો
- કઠપુતળી, પપેટ
- વેશભૂષા
- બાળ સાહિત્ય વાચન વગેરે

તા.૧૬-૧૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૦-A તા.૧૬-૧૧-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૨૦-૧૧-૨૦૧૯ના રોજ આંતરરાષ્ટ્રીય બાળ દિનની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- ૧.પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૫૯૨૨-૫૯૯૪ તા.૧૩-૧૧-૧૯નો પત્ર.
૨. બાઅસં/૧૦૨૦૧૯/આંબારે/૨૦૧૯ તા.૧૫-૧૧-૧૯ બાળ આયોગનો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, તા.૨૦-૧૧-૨૦૧૯ના રોજ આંતરરાષ્ટ્રીય બાળ દિન ઉજવણી અંતર્ગત ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા રાજ્યના ધો. ૬ થી ૮ના તમામ વિદ્યાર્થીઓને બાળ અધિકારો અંગેનું ૨૫ પ્રશ્નોનું પેપર લેવાનું આયોજન કરેલ છે. આ માટેનું પ્રશ્નપત્ર બાળ આયોગ દ્વારા જે તે ઝોનમાં આપવામાં આવશે. દરેક મુખ્ય શિક્ષકશ્રીએ ઝોનમાંથી પ્રશ્નપત્રો મેળવી લેવાના રહેશે. દરેક માધ્યમની શાળાએ તા.૨૦-૧૧-૨૦૧૯ના રોજ બપોરે ૧૨.૦૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન પરીક્ષા લેવાની રહેશે. પરીક્ષા લીધા બાદ વિદ્યાર્થીઓએ લખેલા પ્રશ્નપત્રો માસ્ટર આનસર કી આધારે ચકાસીને તા.૨૧-૧૧-૨૦૧૯ના રોજ તમારી ઝોન કચેરીએ જમા કરાવશો.

આંતરરાષ્ટ્રીય બાળ દિનની ઉજવણી દરેક શાળાએ ફરજિયાત રીતે કરવાની રહેશે. જે અંતર્ગત બાળકોના અધિકાર અંગેની જાગૃતિ માટેના કાર્યક્રમો શાળા કક્ષાએ કરવાના રહેશે. બાળ અધિકારોના સંરક્ષણને લગતી બાબત હોય તેને બહોળી પ્રસિદ્ધિ મળે તેવા પ્રયત્નો કરવાના રહેશે. આ અંગે શાળાએ કરેલા કાર્યક્રમનો અહેવાલ અને ફોટોગ્રાફ્સ જે તે બીટના સુપરવાઇઝરશ્રીને મોકલી આપવાના રહેશે.

તા.૧૬-૧૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી